# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ A  તા.૧૦-૧૦-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદ શતાબ્દીની ઉજણવી કરવા બાબત.
સંદર્ભ :- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો.ના ઓફિસ આદેશ નં. ૧૦૦, તા. ૧૧-૦૯-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ભારતની એકતા અને અખંડીતતાના શિલ્પી તથા આધુનિક અમદાવાદના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ છે. જગતને રાષ્ટ્રવાદ, સહકાર અને સંગઠનની તાકાતનો પરિચય સરદારે કરાવ્યો. સરદારના સાર્વજનિક જીવનની શરૂઆત મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા ત્યારથી થઈ આવા મહાન સ્વાતંત્ર્ય સેનાની અને નિડર રાષ્ટ્રીય નેતાને ભાવાજંલિ સ્વરૂપે '' સરદારનું અમદાવાદ, અમદાવાદના સરદાર'' ને શોભે તે રીતે સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપાલિટી પ્રમુખપદ શતાબ્દીની તા. ૦૧-૦૯-૨૦૨૩ થી તા. ૩૧-૧૨-૨૦૨૩ ના સયમગાળા દરમ્યાન ભવ્ય ઉજવણી, આયોજનો, સેમિનારો વિગેરે જરૂરી કાર્યક્રમો કરવાના થાય છે. સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપાલિટી પ્રમુખપદ શતાબ્દીની ઉજવણી નિમિત્તે સરદાર સાહેબના પ્રેરણાત્મક પ્રસંગો આધારિત વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન નીચે મુજબ કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | સ્પર્ધાનું નામ | શાળા કક્ષા | બીટ કક્ષા | ઝોન કક્ષા |
|---|---|---|---|---|
| ૧ | વક્તૃત્વ સ્પર્ધા | તા. ૧૨-૧૦-૨૦૨૩ | તા.૧૬-૧૦-૨૦૨૩ | તા. ૨૦-૧૦-૨૦૨૩ |
| ૨ | નિબંધ સ્પર્ધા | તા. ૧૨-૧૦-૨૦૨૩ | તા.૧૬-૧૦-૨૦૨૩ | તા. ૨૦-૧૦-૨૦૨૩ |
| ૩ | ચિત્ર સ્પર્ધા | તા. ૧૨-૧૦-૨૦૨૩ | તા.૧૬-૧૦-૨૦૨૩ | તા. ૨૦-૧૦-૨૦૨૩ |

શહેર કક્ષાની સ્પર્ધા માટે હવે પછી જણાવવામાં આવશે.

નોંધ:-
૧. શાળા કક્ષા પ્રથમ આવેલ વિદ્યાર્થી બીટ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
૨. બીટ કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થી ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
૩. ઝોન કક્ષાએ પ્રથમ અને દ્વિતિય ક્રમે આવનાર વિદ્યાર્થી શહેર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

બિડાણ:- સંદર્ભિત પત્ર

તા. ૧૦-૧૦-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ**
**સરદાર પટેલ ભવન,દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**ઓફિસ ઓર્ડર નં. : ૧૦૦ તારીખ : ૧૧/૦૯/૨૦૨૩**

**વંચાણે લીધા :**
(૧) સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૫૧૭, તા.૧૭.૦૮.૨૦૨૩
(૨) ડૉ. રિઝવાન કાદરીનો તા.૧૭.૦૮.૨૦૨૩ નો આવેલ ઇ-મેઈલ
(૩) મે.મ્યુ.કમિશનરશ્રીની મળેલ મંજુરી તા.૦૨-૦૯-૨૦૨૩

ભારતની એકતા અને અખંડીતતાના શિલ્પી તથા આધુનિક અમદાવાદના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ છે. જગતને રાષ્ટ્રવાદ, સહકાર અને સંગઠનની તાકાતનો પરિચય સરદારે કરાવ્યો. સરદારના સાર્વજનિક જીવનની શરૂઆત અમદાવાદ મ્યુનિસિપાલિટીથી થઈ હતી. તા.૦૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ ના રોજ સરદાર અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા. આવા મહાન સ્વાતંત્ર્ય સેનાની અને નિડર રાષ્ટ્રીય નેતાને ભાવાંજલિ સ્વરૂપે "સરદારનું અમદાવાદ, અમદાવાદના સરદાર"ને શોભે તે રીતે સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપાલિટી પ્રમુખપદ શતાબ્દીની તા.૦૧.૦૯.૨૦૨૩ થી તા.૩૧.૧૨.૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન ભવ્ય ઉજવણી, આયોજનો, સેમિનારો વિગેરે જરૂરી કાર્યક્રમો કરવાના થાય છે. જેનાં અનુસંધાને તા.૦૨-૦૯-૨૦૨૩ થી સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપાલિટી પ્રમુખપદ શતાબ્દીની ઉજવણી નિમિત્તે નીચે મુજબનાં કાર્યક્રમોનું આયોજન કરવાનું થાય છે. જે કાર્યક્રમોના સુચારુ આયોજન માટે નીચે જણાવેલ અધિકારીશ્રીઓએ તેઓના ઝોન / વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સીધી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ તેઓના ઝોન / વિભાગ સંબંધિત નીચે જણાવેલ વિવિધ કામગીરીઓનું જરૂરી અમલીકરણ કરવાનું રહેશે.

પત્રક -૧

| ક્રમ | કામગીરીની વિગત | કામગીરી સુપ્રત કરેલ અધિકારીશ્રી |
|---|---|---|
| ૧. | ગાંધી હોલમાં વ્યાખ્યાનપ્રેઝન્ટેશન/ | શ્રી આશિષભાઇ ત્રાંબાડીયા (ડાયરેક્ટર-હેરીટેજ ) |
| ૨. | સરદાર વલ્લભભાઈ પટેલની અમદાવાદ મ્યુનિસિપાલિટીની કારકિર્દી પર દસ્તાવેજી પ્રકાશ પાડતો ગ્રંથ નું રાષ્ટ્રભાષા 'એક સિંહપુરુષ : સરદાર પટેલ' .હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ અને પ્રકાશન | શ્રી આશિષભાઇ ત્રાંબાડીયા (ડાયરેક્ટર-હેરીટેજ ) |
| ૩. | સરદાર વલ્લભભાઈ પટેલની અમદાવાદ મ્યુનિસિપાલિટીની કારકિર્દી સાથે સંકળાયેલા સ્થળોને સાંકળીને .નું આયોજન 'વોક સરદાર પટેલ હેરિટેઝ' | શ્રી આશિષભાઇ ત્રાંબાડીયા (ડાયરેક્ટર-હેરીટેજ ) |
| ૪. | દરિયાપુરના દરિયાદિલ સરદાર સાહેબના પ્રેરણાત્મક પ્રસંગો આધારીત વકૃત્વ , નિબંધ અને અન્ય સ્પર્ધાઓનું શાળા.કોલેજ કક્ષાએ આયોજન કરવું- | શ્રી એલ.ડી.ડેસાઇ શાસનાધિકારીશ્રી (સ્કુલ બોર્ડ) |
| ૫. | સરદાર વલ્લભભાઈ પટેલની અમદાવાદ મ્યુનિસિપાલિટીની કારકિર્દી દર્શાવતું સરદાર પટેલ .માં એક કાયમી પ્રદર્શન તાત્કાલિક પૂર્ણ કરાવવું'હેરિટેઝ બિલ્ડિંગ' | શ્રી આશિષભાઇ ત્રાંબાડીયા (ડાયરેક્ટર-હેરીટેજ ) |
| ૬. | આધુનિક અમદાવાદના ઘડવૈયા સરદાર સાહેબની અસલ સહી સાથેના ગુજરાતની સર્વપ્રથમ ટાઉન પ્લાનિંગ સ્કીમ'-એલિસબ્રિજ ટાઉન પ્લાનિંગ સ્કીમ.નું પુનઃપ્રકાશન કરવું' | શ્રી રાજેશ જી.પટેલ (નગર વિકાસ અધિકારી)<br>શ્રી પ્રિતમ એન.રાઉત (ડાયરેક્ટર-એસ્ટેટ એન્ડ ટાઉન પ્લાનિંગ) |
| ૭. | 'સરદારનું અમદાવાદ,અમદાવાદના સરદાર' પુસ્તિકાનું ગુજરાતી,હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશન. | ડૉ.બિપીનભાઇ જે.મોદી (ગ્રંથપાલ-મા.જે.પુસ્તકાલય) |

| ક્રમ | કામગીરીની વિગત | કામગીરી સુપ્રત કરેલ અધિકારીશ્રી |
|---|---|---|
| ૮. | સરદાર અને તેમના મ્યુનિસિપાલિટીના સાથીઓ બ્રિટિશ સામ્રાજ્યવાદી સરકારે કરેલા મુકદમાઓ આધારીત ગ્રંથનું ગુજરાતી,હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશન. | ડો.બિપીનભાઇ જે.મોદી (ગ્રંથપાલ-મા.જે.પુસ્તકાલય) |
| ૯. | રાષ્ટ્રીય કક્ષાના બે દિવસના સેમિનારનું આયોજન. | શ્રી એલ.ડી.ડેસાઇ શાસનાધિકારીશ્રી (સ્કુલ બોર્ડ) |
| ૧૦. | ૩૧ ઓક્ટોમ્બર,૨૦૨૩ સરદાર જયંતી અને ૧૫ ડિસેમ્બર,૨૦૨૩ સરદારની મૃત્યુ તિથિએ વિવિધ કાર્યક્રમોનું આયોજન. | શ્રી ચિરાગ એચ.પટેલ(ડે.એચ.ઓ.ડી.-પબ્લિસીટી) |
| ૧૧. | સરદાર સાહેબે ૨૨૨ દિવસ જેવું સફાઈ અભિયાન ચલાવ્યું હતું તેવું જ ફરીથી અભિયાનનું આયોજન કરવું. | શ્રી હર્ષદરાય જે.સોલંકી (ડાયરેક્ટર –સો.વે.મે.)<br>શ્રી મિતેશ શાહ (ડે.ડાયરેક્ટર – સો.વે.મે.) |
| ૧૨. | આધુનિક અમદાવાદના ઘડવૈયા સરદાર સાહેબના નામ પરથી અ.મ્યુ.કો.દ્વારા વિવિધ એવોર્ડ આપવા તથા અન્ય આનુષાંગિક કાર્યક્રમોનું આયોજન કરવું. | શ્રી ભાવિન સોલંકી (ઇન્ચાર્જ એમ.ઓ.એચ.)<br>શ્રી હર્ષદરાય જે.સોલંકી (ડાયરેક્ટર –સો.વે.મે.)<br>શ્રી હીનાબેન ભાઠાવાલા (ડાયરેક્ટર-યુ.સી.ડી.)<br>શ્રી એલ.ડી.ડેસાઇ (શાસનાધિકારીશ્રી- સ્કુલ બોર્ડ)<br>તથા અન્ય સંબંધિત  વિભાગનાં એચ.ઓ.ડી.શ્રી |

નોંધ ;- (૧) જરૂર જણાયે ઉપરોક્ત અધિકારીશ્રીઓએ તેઓના વિભાગના કર્મચારીશ્રીઓને સાથે રાખવાના રહેશે.

(૨) ઉક્ત મુજબનાં કાર્યક્રમોનાં આયોજન અંગે વધુ માહિતી મેળવવા બાબતે જરૂર જણાયે ડો.રિઝવાન કાદરી (મો.નં.૯૮૨૫૪૮૪૧૮૪) નો સંપર્ક કરવાનો રહેશે.

સહી : એમ.થેન્નારસન
મ્યુનિસિપલ કમિશનર